GJAR060000222024

**પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ મુકામ – ધનસુરા**
**(શ્રી એ.એ.જાની)**

**<u>ફોજદારી કેસ નં.૧૪/૨૦૨૪</u>**
**આંક :–**

**<u>ફરીયાદી</u>** :– **શ્રી સરકાર**

**<u>વિ રુ ઘ્ઘ</u>**

**<u>આરોપી</u>** :– (૧) રણજીતભાઈ રોહીતભાઈ નાડીયા ઉ.વ.૨૩,
(૨) હિરેનભાઈ રોહીતભાઈ નાડીયા ઉ.વ.૨૧,
(૩) મણીભાઈ ભયજીભાઈ નાડીયા ઉ.વ.૭૨,
(૪) મીનાબેન વા/ઓ રોહીતભાઈ મણીભાઈ નાડીયા ઉ.વ.૪૨,
(૫) વિમલભાઈ જીન્દુભાઈ નાડીયા ઉ.વ.૨૨,
(૬) જયેશભાઈ વિનોદભાઈ નાડીયા ઉ.વ.૨૮,
(૭) શનાભાઈ ભયજીભાઈ નાડીયા ઉ.વ.૭૪,
(૮) પરેશભાઈ ગીરીશભાઈ નાડીયા ઉ.વ.૩૬,
(૯) કપીલભાઈ ગીરીશભાઈ નાડીયા ઉ.વ.૩૪,
તમામ રહે. નવલપુર તા.ધનસુરા,જી.અરવલ્લી.

**ગુન્હો :– <u>ઈ. પી. કો. કલમ–૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ</u>**

**<u>//કમીટલ હુકમ//</u>**

૧. આ કામે ધનસુરા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજી. નં. ૧૧૧ ૮૮૦૦૪૨૩૦૫૦૨/૨૦૨૩ , તા.૨૦/૦૮/૨૦૨૩ ના રોજ ગુનો રજીસ્ટર કરી, આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના

આરોપી સામે પુરતો પુરાવો જણાતાં આરોપી વિરુધ્ધ ઈ. પી. કો. કલમ-૧૪૩, ૧૪૭,૧૪૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુના અંગેનુ ચાર્જશીટ રજુ કરતાં અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. આ કામે આરોપી તર્ફે આંક ૨૬ ના લીસ્ટ થી ધનસુરા પો.સ્ટે. એફ.આઈ.આર નંબર ૧૧૧૮૮૦૦૪૨૩૦૫૦૨ ઈ.પી.કો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૪૯ તથા અનુસુચીત જાતી અને અનુ.જન જાતી પ્રતિબંધીત અધિનીયમ ની કલમ ૩(૧)(આર),૩(૧)(એસ),૩(૨)(વી.એ)ની ખરી નકલ રજુ કરેલ છે તેમજ નામ.સેસન્સ કોર્ટમાં એટ્રો કેસ. નંબર ૧/૨૪ થી ચાલે છે.તેની ખરી નકલ રજુ કરેલ છે.વધુમાં આ બાબતે વિ.એપીપીશ્રીને સદર બાબતે સાંભળ્યા. તેઓએ જણાવેલ કે હાલનો કેસ સી.આર.પી.સી.ની કલમ-૩૨૩ મુજબ કમીટ કરવો જોઈએ તેવી મૌખીક રજુઆત કરેલ છે.

૩. ઉપરોકત તમામ હકિકતો ઘ્યાને લેતાં તેમજ સ્પે.એટ્રો કોર્ટના જાવક નં.૭૮/૨૦૨૬ તા. ૦૬/૦૬/૨૦૨૫ વંચાણે લીધો, જે પત્ર અનુસાર નામ. સેશન્સ જજ સાહેબશ્રી સ્પેશીયલ એટ્રો કોર્ટ તરફથી તેઓની કોર્ટમા ચાલતા સ્પે.(એટ્રો) કેસ.નં.૦૧/૨૦૨૪ ના કામે આંક-૨૩ ની અરજી લગત હુકમ કરી હાલનો કેસ મંગાવવા હુકમ થયેલ છે. આમ, હાલના કેસનો સ્પે. એટ્રો કોર્ટના કેસ નં- ૧/૨૦૨૪ નો ક્રોસ કેસ છે અને આ કેસ ટ્રાયલ ચલાવવા સારુ નામ. સ્પે.કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

૪. આ કામે આરોપી કોર્ટમાં હાજર થતાં, તેઓને પોલીસ તપાસના તમામ કાગળોની નકલો મળી ગયા બદલની ખાતરી કરવામાં આવેલ છે. આ કામે આરોપીને તેઓ વિરુધ્ધ નામ. સેસન્સ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી ચાલે તે દરમ્યાન તેઓ તેમના બચાવ માટે ખાનગી વકીલ રોકવાના છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માગે છે તે અંગે પુછતાં આરોપીએ તેઓના નિવેદનમાં પોતે પોતાના બચાવ માટે ખાનગી વકીલ રોકવાના હોવાનુ જણાવેલ છે.

૫. ફરિયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો જોતાં પ્રથમ દર્શનીય રીતે આરોપી સામે આ કામે ઈ. પી. કો. કલમ-૧૪૩,૧૪૭,૧

૪૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુન્હાના આક્ષેપ છે. પણ સ્પે.એટ્રો કોર્ટના જાવક નં.૭૮/૨૦૨૬ તા. ૦૬/૦૬/૨૦૨૫ મુજબ સદર કેસ સ્પે એટ્રો કેસ સાથે ચલાવવા હુકમ થયેલ હોવાથી હાલનો કેસ ગુનાની ઈન્સાફી કાર્યવાહી અર્થે નામદાર સેશન્સ અદાલત, અરવલ્લી મુ. અરવલ્લી ખાતે કમીટ કરવાનો રહે છે. સબબ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧). આથી ધનસુરા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજી. નં.૧૧૧૮૮૦૦૪૨૩૦૫૦૨/૨૦૨૩, ઈ. પી. કો. કલમ-૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ- ૧૩૫ મુજબના ગુન્હાઓને લગતા `કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૨૩ અન્વયે ઈન્સાફી કાર્યવાહી અર્થે નામ. સેશન્સ કોર્ટ,અરવલ્લી, મુ.મોડાસા ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કેસનું તમામ અસલ રેકર્ડ નામદાર સેશન્સ અદાલત, મોડાસા તરફ તાત્કાલીક મોકલી આપવું.

(૩). ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૦૯(ડી) અન્વયે સદરહુ કેસ કમીટ કર્યા બાબતની જાણ વિધ્વાન જીલ્લા સરકારી વકીલશ્રીની કચેરી, મુ. મોડાસા, જી.અરવલ્લીનાઓને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૮/૨૦૨૬
ધનસુરા.

**(અર્પિત એ.જાની)**
જ્યુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ધનસુરા જજ કોડ નં-જીજે ૦૧૬૪૪